જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૦/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૫૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન અને ૩ સ્કુટર કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૫૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનઃ-** **સમાચાર યાદી નં.૨૬૫૩/૧૪**

**ઈસનપુરઃ** સંતોષ કિશનરાવ સાવંત (ઉ.વ.૨૭) (રહે.શાલીન ફ્લેટ ગુરૂજી બ્રીજ નીચે ઘોડાસર) ને તા.૨૬/૧૦/૧૪ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક આરોપી (૧) પિંટુ પરમાર પુરા નામની ખબર નથી (રહે.પુનિતનગર ઘોડાસર)(૨) વિશાલ ઉર્ફે ઉલીયો ચંદુલાલ ગજ્જર (રહે. પુનિતનગર નવા ઘોડાસર) (૩) શિવકુમાર કનોજીયા (રહે. ઈલાક્ષ ફ્લેટ નીચે ઈસ્ત્રીની દુકાન) (૪) ભાવેશ શંકરભાઈ મારવાડી (રહે. દુર્ગાનગર વટવા) (૫) પ્રતિક ઠક્કર (રહે. દુર્ગાનગર વટવા ) અને (૬) લાલો જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી એકબીજાની મદદગારી કરી ઝગડાની જુની અદાવત રાખી સંતોષભાઈને તિક્ષ્ણ હથિયારો વડે પેટના ભાગે જીવલેણ હુમલો કરી નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત સંતોષભાઈને સારવાર માટે એલ જી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સંતોષભાઈના ભાઈ કલ્પેશભાઈ સાવંતે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી એસ પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૫૪/૧૪**

**ચાંદખેડાઃ** નિર્મળાબહેન તુટકર્ણ મણીકરણ (રહે.દર્શન બંગલોઝ સ્વાગતની પાછળ ન્યુ સીજી રોડ ચાંદખેડા) એ તા.૨૬/૧૦/૧૪ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૦/૧૪ રાતના ૧૦/૦૦ થી તા.૨૬/૧૦/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બંગડી નંગ-૬, સોનાનો હાર, સોનાની વિંટી, સોનાની કાનની બુટ્ટી,ચાંદીની વસ્તુઓ અને રોકડ રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર એમ દવે ચલાવે છે.

**આનંદનગરઃ (૧)** આશુતોષ મુરલીધર કાનુન્ગો (રહે.શરણમ-૧ લોટસ સ્કુલની સામે જોધપુર) એ તા.૨૬/૧૦/૧૪ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૧૪ બપોરના ૧/૦૦ થી તા.૨૬/૧૦/૧૪ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના સિક્કા નંગ-૧૦,ચાંદીની ચેઈન, કાનની બુટ્ટી કાંડા ઘડીયાળ અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી એ ચૌધરી ચલાવે છે.

**(૨)** કનુભાઈ ચિમનભાઈ શાહ (રહે.સાગર એપાર્ટમેન્ટ જીવરાજ બ્રીજના છેડા પાસે શ્યામલ ચાર રસ્તા સેટેલાઈટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૦/૧૪ સવારના ૯/૪૫ થી બપોરના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ઘડીયાળ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૮,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ : -</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૫૫/૧૪</u>**

**રામોલઃ** બાબુભાઈ મહાદેવભાઈ યાદવ (રહે.લક્ષ્મણ એસ્ટેટ દિનેશભાઈના કારખાનામાં સુરેલીયા એસ્ટેટ પાસે રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૦/૧૪ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે લાલુભાઈ, લાલુભાઈની પત્ની, ભત્રીજી કાજલ (ઉ.વ.૯) અને બીજા પેસેન્જર શટલ ઓટોરિક્ષા નંબર જીજે ૯ એક્સ ૬૫૩૭ માં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલકે રિક્ષા બેદરકારીથી ચલાવી ડમ્પર ગાડી સાથે અથડાવી રિક્ષા પલ્ટી ખાતા કાજલનુ મૃત્યુ નિપજયું છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી એ પંડ્યા ચલાવે છે.

ઉપરોકત બનાવમાં સિવીલ હોસ્પીટલ ખાતે અજાણ્યો પુરૂષ (ઉ.વ.આશરે ૪૫) નુ સારવાર દરમ્યાન તા.૨૬/૧૦/૧૪ રાતના ૮/૦૦ વાગે મૃત્યુ નિપજયું હતુ. તેમજ તા.૨૭/૧૦/૧૪ કલાક ૨/૦૦ વાગે સંદિપસિંગ રામાસિંગ ઠાકોર (ઉ.વ.૨૭) (રહે.લક્ષ્મણ એસ્ટેટ નજીક રામોલ) નુ મૃત્યુ નિપજયું છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૬૫૬/૧૪</u>**

**સોલા હાઈકોર્ટઃ** મહેશભાઈ છગનભાઈ પટેલ (ઉ.વ.૩૨) (રહે.સ્વસ્તિક રેસીડન્સી આરસી ટેકનીકલ રોડ સોલા) એ કોઈ કારણસર તા.૨૬/૧૦/૧૪ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી રમણજી રામાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.